આંત્રપ્રિન્યોર્સશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે પાંચ બેંચમાં ચીનના 100 સ્ટુડન્ટ્સ હિન્દી શીખ્યા

# ચીનનાં વિદ્યાર્થીઓ હિન્દી શીખી ભારતમાં જ બિઝનેસ સાથે જોડાઇ રહ્યાં છે

**અત્યારે ચીનની શિયાન, યુનાન, ગોંગડોંગ યુનિવર્સિટીના 20 સ્ટુડન્ટ્સ હિન્દી ભણી રહ્યાં છે**

**Education Update**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ભારતમાં બિઝનેસની ઘણી તક રહેલી છે, આ જ બાબતને ધ્યાનમાં રાખીને ચાઈનાના સ્ટુડન્ટ્સ આંત્રપ્રિન્યોર્સશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે હિન્દી શીખી રહ્યાં છે. ભારતમાં બિઝનેસ કરવા માટે તમારે લોકલ માણસોની જરૂરિયાતને સમજવી પડશે અને ભારતમાં મોટાભાગના લોકો હિન્દી સમજે છે. તેના કારણે ભારતમાં બિઝનેસ માટે હિન્દી શીખવું ફરજીયાત છે. અત્યાર સુધી ઈડીઆઇ ખાતે ચાઈનાના 100 સ્ટુડન્ટ્સ અને આંત્રપ્રિન્યોર્સ પાંચ બેંચમાં હિન્દી શીખી ચૂક્યાં છે. ઈડીઆઇ ખાતે અત્યારે ચીનની શિયાન યુનિવર્સિટી, યુનાન યુનિવર્સિટી, ગોંગડોંગ યુનિવર્સિટીના 20 સ્ટુડન્ટ્સ હિન્દી શીખી રહ્યાં છે. નવ મહિના દરમિયાન તેઓ ભારતના કલ્ચર, બિઝનેસ, લિટરેચર વગેરે વિશે માહિતી મેળવશે.

## ચીની ફંડા! ‘ચાઈનાની કંપનીઓ અને ભારતીય ગ્રાહકો વચ્ચે બ્રિજનું કામ કરીશું’



અત્યાર સુધી 100 વિદ્યાર્થીઓમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ ભારતમાં કામ કરી રહેલી ચાઈનીઝ કંપનીઓ સાથે કામ કરવાનું શરૂ કરી દીધું છે. કારણ કે કંપની અને લોકલ માણસો વચ્ચે આ સ્ટુડન્ટ્સ બ્રિજ સમાન કામ કરે છે, જેનો ફાયદો કંપનીને થઈ રહ્યો છે. આ અંગે સ્ટુડન્ટ ત્સી યાંગછુને કહ્યું હતું કે, ભારતમાં ઘણી ચાઈનીઝ કંપનીઓ કામ કરી રહી છે. જેઓને લોકલ માણસોની જરૂરિયાત વિશેની માહિતી જોઈતી હોય છે. ત્યારે અમે હિન્દી શીખીને કંપની અને લોકલ માણસો વચ્ચે બ્રિજનું કામ કરીશું.’

## ‘ભારતમાં વિશાળ તકો રહેલી છે’

હિન્દી શીખી રહેલી સ્ટુડન્ટ મિસ શ્યૂ શીશીએ કહ્યું હતું કે, ભારતમાં ઘણી તકો રહેલી છે. જેના કારણે અહીં બિઝનેસ અથવા ભારતને જાણવા માટે પણ હિન્દી શીખવું મહત્વનું છે. અમે અહીં આવીને હિન્દી ભાષાની સાથે અહીંનું લિટરેચર, કલ્ચર, મેનેજમેન્ટ વગેરે બાબતો પણ શીખી રહ્યાં છીએ.’